# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૬/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ઇન્ડસ્ટ્રીના લિકવીડિટી અને લેબર પ્રશ્નના નિરાકરણ માટે આર્થિક રાહત પેકેજ મેળવવા હેતુ એકમો દીઠ કર્મચારીઓની માહિતી મેળવવા ચેમ્બરે ઉદ્યોગકારો–વેપારીઓને 'ફોર્મ એ' ભરી સબમિટ કરવા અનુરોધ કર્યો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોરોનાને કારણે લોકડાઉન દરમિયાન ઇન્ડસ્ટ્રી માટે ઉભા થયેલા વિવિધ પ્રશ્નોની દરરોજ રજૂઆત કરવામાં આવી રહી છે ત્યારે ઇન્ડસ્ટ્રી માટે લોકડાઉન બાદ પણ ઉભી થનારી તકલીફોના નિવારણ માટે તેમજ ભવિષ્યના પ્લાનીગ માટે દરેક સેકટરના આગેવાનો સાથે વિડિયો કોન્ફરન્સ થકી મિટીગોનું આયોજન કરવામાં આવી રહયું છે.

ગત ૨૩ એપ્રિલના રોજ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીના દરેક સેકટરના આગેવાનો સાથે મિટીગ મળી હતી. જયારે ૨૪ એપ્રિલના રોજ સવારે ૧૦:૩૦ કલાકે બધા રિટેલર્સ એસોસિએશનોના પ્રતિનિધીઓ સાથે મિટીગ યોજાઇ હતી. જેમાં કોન્ફીડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી પ્રવિણ ખંડેલવાલ તેમજ ગુજરાત ચેપ્ટરના પ્રમુખ શ્રી પ્રમોદ ભગત તથા અન્ય એસોસિએશનોના પ્રતિનિધીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. શ્રી પ્રવિણ ખંડેલવાલે સરકાર દ્વારા ઇન્ડસ્ટ્રી માટે કરવામાં આવી રહેલા પ્રયાસો વિશે વેપારીઓને માહિતી આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, મિટીગમાં કરાયેલી ચર્ચામાં દરેક સેકટરમાં મુખ્યત્વે લિકવીડિટી અને લેબર માટેની સમસ્યા જટીલ હોવાનું જાણવા મળ્યુ હતુ. પરંતુ સરકાર ડેટાના આધારે જ દરેક ઇન્ડસ્ટ્રી માટે આર્થિક રાહત પેકેજ જાહેર કરી શકે તેમ હોવાથી સરકારને એકમો દીઠ કર્મચારીઓનો ડેટા

આપવાનુ અતિ આવશ્યક છે તે અંગે ચર્ચા કરાઇ હતી. ચર્ચાને અંતે ચેમ્બરમાંથી સર્વે માટે ‘ફોર્મ એ’ તૈયાર કરી દરેક ઉદ્યોગકારો અને વેપારીઓને સેલ્ફ ડેક્રેશન સાથે ફોર્મમાં તેમના એકમોમાં નોકરી કરતા કર્મચારીઓની તેમજ તેમને ચૂકવવામાં આવતા પગારની વિગત ભરીને ફોર્મ ત્રણ દિવસમાં ઓનલાઇન લીન્ક ઉપર જ સબમિટ કરવામાં આવે તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ હતુ.

તદ્દુપરાંત રીટેલર્સને પડી રહેલી વિવિધ મુશ્કેલીઓના નિવારણ માટે પણ ચેમ્બર દ્વારા રજૂઆત કરવાનું નકકી કરવામાં આવ્યુ હતુ. આ મુશ્કેલીઓ તેમજ તેમનું નિવારણ નીચે મુજબ છે.

- ડિલરોને બધી બેંકો દ્વારા ચેનલ ફાયનાન્સની સુવિધા આપવા સરકાર દ્વારા નિર્દેશ આપવામાં આવે.
- ચેનલ ફાયનાન્સમાં વ્યાજમૂકિત આપવામાં આવે અથવા ઇન્ટરેસ્ટનો રિઝનેબલ રેટ લેવામાં આવે.
- પીએસયુમાંથી રિટેલવાળાઓને વહેલી તકે પેમેન્ટ આપવામાં આવે.
- લોકડાઉન પિરિયડ દરમિયાન ટર્મ લોન ઉપર બેંકો દ્વારા વ્યાજમાંથી મુકિત આપવામાં આવે.
- કંપનીઓ દ્વારા પેમેન્ટ માટે ડિલરોને લોકડાઉન દરમિયાન રાહત આપવામાં આવે.
- એફએમસીજી વેપારીઓના ટેમ્પો પોલીસ તથા અન્ય સરકારી વિભાગો દ્વારા અટકાવવામાં ન આવે.
- એસેન્શીયલ ગુડ્‌ઝની દુકાનોને ચાલુ રાખવાના સમયમાં વધારો કરવામાં આવે.
- કર્મચારીઓની સેલેરીના મામલે ગાઇડલાઇન બહાર પાડવામાં આવે.
- લાઇટ બીલ, ગેસ બીલ, પ્રોફેશનલ ટેક્ષ, ટોલ ટેક્ષ અને ઇન્સ્યુરન્સમાં એક વર્ષ માટે મુકિત આપવામાં આવે અથવા તો સબસિડાઇઝ્‌ડ કરવામાં આવે.
- ઇન્કમ ટેક્ષ અને જીએસટીના વ્યાજદરમાં સંપૂર્ણ વ્યાજમાફી આપી પેનલ્ટી લગાવવામાં ન આવે.
- ઇલેકટ્રીસિટીમાં જૂન સુધી વપરાશનો મિનિમમ ચાર્જ લગાવવામાં આવે, એવરેજ બીલ નહીં આપે.
- કર્મચારીઓ માટેની ગૃપ મેડીકલ ઇન્સ્યુરન્સ સ્કીમ સરકાર દ્વારા ફરીથી ચાલુ કરાવવામાં આવે.
- સિકયુરિટી વગર રૂપિયા પંદર લાખ સુધીની લોન આપવામાં આવે.
- ડિજીટલ પેમેન્ટ માટે બેંકો દ્વારા વસૂલવામાં આવતા ચાર્જમાંથી મુકિત આપવામાં આવે.